Smart SERIES

A

પ્રથમ અને દ્વિતીય સત્ર માટે

# માસવાર અભ્યાસક્રમ

## (વાર્ષિક આયોજન)

NAVNEET

નવનીત એજ્યુકેશન લિમિટેડ

નવનીત હાઉસ, ગુરુકુળ રોડ, મેમનગર,
અમદાવાદ – ૩૮૦ ૦૫૨. ફોન : ૬૬૩૦ ૫૦૦૦

N 2017

સંચાલકશ્રી, આચાર્યશ્રી, શિક્ષકમિત્રો અને વાલીમિત્રો,

**જોગ નમ્ર નિવેદન ...**

હરીફાઈના સાંપ્રત યુગમાં બાળકોને શાળામાં – ખાસ કરીને બાળમંદિર(બાલવાટિકા)માં દાખલ કરતાંની સાથે જ વાલીઓની શાળા અને શિક્ષકો પાસેથી અપેક્ષા ઘણી વધી જાય છે. સામાન્ય સમજ એવી પ્રવર્તે છે કે બાળક શાળાએ જતું થાય એટલે બીજા જ મહિનાથી એને લખતાં-વાંચતાં આવડવું જ જોઈએ. પરંતુ, હાલના સંજોગોમાં શિક્ષકો અને ખાસ કરીને વાલીઓએ એક વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે અગાઉ મોટે ભાગે બાળક પાંચ વર્ષ પૂરાં કરે પછી એને સીધો ધોરણ ૧માં પ્રવેશ મળતો. બાળમંદિરમાં બાળકને દાખલ કરવાની પ્રથા આજના વાલીઓ જ્યારે વિદ્યાર્થી હતા ત્યારે આટલી પ્રચલિત ન હતી. જ્યારે હવે, બાળમંદિર તો ખરું જ ! પરંતુ, તેમાં પણ બાળકોની વયકક્ષા અનુક્રમે ૩થી ૪ વર્ષ, ૪થી ૫ વર્ષ અને ૫થી ૬ વર્ષ મુજબ બાળમંદિરનાં કુલ ત્રણ વર્ષ અને અનુક્રમે ભાગ ૧થી ૩ એમ ત્રણ વિભાગ છે અને તેથી જ કુમળી વયે બાળમંદિરમાં દાખલ થતા બાળકના સ્નાયુઓને કેળવવાની અને ત્યારબાદ જ અંકજ્ઞાન અને અક્ષરજ્ઞાનની સમજ આપવી જરૂરી છે. બાળકના સર્વાંગી વિકાસ માટે જરૂરી કેટલીક મહત્ત્વની બાબતોનો આ અભ્યાસક્રમમાં સમાવવાનો અમે સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે તથા અમને ખાતરી છે કે આ અભ્યાસક્રમમાં આપેલા ક્રમ મુજબ તબક્કાવાર શિક્ષણ જો બાળકને આપવામાં આવશે તો બાળક ફક્ત હોશિયાર વિદ્યાર્થી જ નહિ, પરંતુ ભવિષ્યમાં એક સમજદાર નાગરિક પણ બની રહેશે.

ત્રણ કે સાડા ત્રણ વર્ષની ઉંમરે પોતાના ઘરનું પરિચિત અને હૂંફાળું વાતાવરણ છોડી બાળક બહારની દુનિયામાં અર્થાત્ બાળમંદિરમાં એકલું પગ માંડે છે. ત્યારે આપણી (બાળમંદિરનાં શિક્ષિકા બહેનોની) ફરજ બને છે કે તેને હૂંફ અને પ્રેમ મળે તેવું વાતાવરણ પૂરું પાડીએ. અભ્યાસની પૂર્વતૈયારીરૂપે બાળકો પાસે એવી પ્રવૃત્તિઓ કરાવીએ કે જેના દ્વારા તેનો શારીરિક અને માનસિક વિકાસ તો થાય જ – પરંતુ સાથોસાથ ગતિપ્રેરક સ્નાયુઓનો પણ વિકાસ થાય. બાળક શાળામાં દાખલ થાય ત્યારે પહેલા જ દિવસથી તેને સીધેસીધું અંકજ્ઞાન કે અક્ષરજ્ઞાન આપી ભણાવી દેવાને બદલે તેને આનંદ મળે તેવી વિવિધ રમતો અને પ્રવૃત્તિઓ કરાવીએ અને બીજા દિવસે પણ બાળક પોતાની મેળે જ શાળામાં આવવા પ્રેરાય તેવું વાતાવરણ પૂરું પાડીએ.

**આ માટે નીચેની બાબતો વિચારી શકાય :**

- બાળકોના નાના અને મોટા સ્નાયુઓ સુગઠિત થાય.
- આપણા સૂક્ષ્મ અવલોકન હેઠળ હેતુપૂર્ણ હલનચલનની રમતો રમાડી શકાય, જેના દ્વારા બાળકોની દબાયેલી વૃત્તિઓને મોકળાશ મળે.

- બાળકોમાં સ્વાવલંબન, માનસિક એકાગ્રતા અને સ્થિરતા કેળવાય.
- બાળકોને શારીરિક વિકાસથી શરૂ કરી બૌદ્ધિક વિકાસ તરફ લઈ જઈએ.

ઉપર્યુક્ત તમામ બાબતો અથવા હેતુ પરિપૂર્ણ કરવા બાળકોને નીચે મુજબની પ્રવૃત્તિઓમાં સાંકળી શકાય :

- બાળકોને શરૂઆતમાં પોતાના વર્ગખંડ, પાણી પીવાની જગ્યા, પેશાબની જગ્યા, રમતનું મેદાન, પ્રાર્થનાખંડ, શાળાનું કાર્યાલય વગેરે જેવી જગ્યાઓથી માહિતગાર કરવા.
- બાળકોને અભ્યાસક્રમમાં દર્શાવેલ શારીરિક / માનસિક / બૌદ્ધિક વિકાસ માટેની પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત કરવાં.

હવે બાળકની યાદશક્તિ અને અવલોકનશક્તિ વિકસે, બાળકમાં વર્ગીકરણ કરવાની કુશળતા કેળવાય, બાળકની વિચાર કરવાની શક્તિ વિકસે, બાળકમાં સમસ્યાઓનું નિરાકરણ કરવાની શક્તિનો અને તર્કશક્તિનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ. જે માટે ઓળખ, સમાનતા, વર્ગીકરણ, પૂરક જોડી, જુદું પાડવું, ક્રમમાં ગોઠવવું, શું ખૂટે છે?, શું ખોટું છે? – જેવી પ્રવૃત્તિઓ યોગ્ય ગણાય. ઉપરાંત, બાળકોની દશ્યેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય, કર્ણેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને સ્વાદેન્દ્રિયની શક્તિઓ વિકસે તેવી પ્રવૃત્તિઓ પણ કરાવવી જોઈએ. આ બધી ઈન્દ્રિયોના વિકાસ માટે જુદી જુદી ઘણી પ્રવૃત્તિઓ માસવાર અભ્યાસક્રમ આયોજનમાં ક્રમશઃ દર્શાવી છે. પરંતુ, ખાસ 'કર્ણેન્દ્રિય'ના વિકાસ માટે બાળકોને સંગીતમય જોડકણાં અને બાળગીતો સંભળાવવાં, ગવડાવવાં હિતાવહ છે. અત્યાર સુધી પેઢી દર પેઢી કંઠસ્થ રીતે સચવાયેલાં આવાં જોડકણાં અને બાળગીતો બાળકોને મજા પડે તેવા સ્વર અને સંગીત સાથે સંભળાવવાં.

**આગળ આપેલી તમામ બાબતો બાળક માટે સહજ સ્વીકૃત બને તે માટે નીચેની પ્રવૃત્તિઓનું આયોજન કરવું જરૂરી છે :**

- વિવિધ બૉક્સની રમતો • વર્ગ અંદરની અને વર્ગ બહારની રમતો
- કુદરતી પ્રવાસો • સંગીતની વિવિધ પ્રવૃત્તિઓ • ઢીંગલી ઘરની રમતો
- દરેક તહેવારોની ઉજવણી

ઉપર્યુક્ત પ્રવૃત્તિઓ બાળકોને રસ પડે – મજા પડે તેવી રીતે કરાવવામાં આવે તો તેઓ ભણતરની શરૂઆત ખૂબ જ રસપૂર્વક અને સહજ રીતે કરશે તથા દરરોજ શાળાએ જવાની જીદ કરશે અને એક વાર બાળક નિયમિત શાળામાં આવી દરેક પ્રવૃત્તિઓમાં રસ લેતું થાય તો તેનું પરિણામ શું આવે તેની વિસ્તૃત ચર્ચા કરવાની જરૂર ખરી?

# માસવાર અભ્યાસક્રમ (વાર્ષિક આયોજન)

## A (બાળમંદિર)

**નોંધ :** પ્રથમ સત્રનું લેખિત મૂલ્યાંકન સપ્ટેમ્બર અથવા ઑક્ટોબર માસમાં અને દ્વિતીય સત્રનું લેખિત મૂલ્યાંકન માર્ચ અથવા એપ્રિલ માસમાં આવતું હોવાથી એ મુજબ અભ્યાસક્રમ પૂર્ણ કરવા વિનંતી.

* **પ્રથમ સત્ર :** જૂનથી ઑક્ટોબર સુધી
* **દ્વિતીય સત્ર :** નવેમ્બરથી એપ્રિલ સુધી

## ૧. શારીરિક વિકાસ માટે પ્રવૃત્તિઓ

**જૂન**

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

ચાલવું :
- લીટી ઉપર; —, W, ∩ જેવા આકાર ઉપર એક પછી એક પગ મૂકીને ચાલવું.
- બે લીટીની વચ્ચે ચાલવું. ═══

દોડવું :
- બે લીટીની વચ્ચે દોડવું.
- ગોળ ફરતું ખંજરીના તાલ સાથે દોડવું. ધીમું, ઝડપી, ધીમું, ઊભા રહેવું.

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

માટીકામ :
- જુદા જુદા આકાર બનાવવા : સાપ, લાડુ, જલેબી

## જુલાઈ

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

કૂદવું : ● ○ ○ ○ અંદર-બહાર, અંદર-બહાર } ○ દોરીને આ રીતે

● ○8○8○ બે પગ સાથે, છૂટા, સાથે, છૂટા } કુદાવવું.

ફેંકવું : બૉલ, રિંગ ● બૉલ ડોલમાં કે ટબમાં ફેંકવો.

● પાસિંગ બૉલની રમત.

● બૉલ, રિંગથી સામસામા ઊભા રહી રમવું.

પકડવું : બૉલ, રિંગ

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

ખોલવું-બંધ કરવું : બટન, હૂક, ક્લિપ, ચેઈન, બૉટલનાં ઢાંકણાં ખોલવાં અને બંધ કરવા આપવાં.

## ઑગસ્ટ

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

બેસવું / ઊભા થવું : ખંજરીના તાલે ઊભા થાય, બેસે.

ગબડાવવું : બૉલ, ટાયર ગબડાવવાં.

ખેંચવું : ● દોરડું સામસામે ખેંચાવવું.

સમતોલન જાળવવું : ● માથા ઉપર રિંગ મૂકી ચાલવું.

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

ગોઠવવું : ● જમીન ઉપર ચિત્ર દોરી તેની ઉપર ફૂલ, પાન, ચીકુનાં બી, કચૂકા, શંખલાં, છીપલાં, બટન વગેરે જેવી વસ્તુ ગોઠવવા આપવી.

## સપ્ટેમ્બર

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

● સંગીત ખુરશી ● રેતીમાં મુક્ત રમવા દેવાં

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

● પઝલ ટ્રે

## ઑક્ટોબર

● **પુનરાવર્તન**

## નવેમ્બર

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- સાઇકલ ચલાવવી
- પાસિંગ બૉલ રમવો

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- પઝલ ટ્રે

## ડિસેમ્બર

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- નદીકિનારે ટમેટું
- સાતતાળી

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- માટીકામ
- ખોલવું – બંધ કરવું

## જાન્યુઆરી

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- સાદી દોડ
- ટાયર ગબડાવવાં

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- કપડાંને ગડી કરવી
- દાણા છૂટા પાડવા

## ફેબ્રુઆરી

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- ધમાલ ધોકો
- મારામાં કાંકરી ખૂંચે છે

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- ફુગ્ગો ફુલાવવો

## માર્ચ

**વર્ગ બહાર રમાડવાની રમતો :**

- સંગીત ખુરશી
- સાઇકલ ચલાવવી

**વર્ગમાં કરાવવાની પ્રવૃત્તિઓ :**

- પઝલ ટ્રે

## એપ્રિલ

- **પુનરાવર્તન**

# ૨. માનસિક / બૌદ્ધિક વિકાસ માટે પ્રવૃત્તિઓ

## જૂન

**ઓળખ :** ● ચિત્ર બતાવી માહિતી આપવી ત્યારબાદ પ્રશ્નો પૂછવા.

**સરખામણી :** ● બે સરખી વસ્તુઓ લેવી–બૉલ, ચૉક, પેન્સિલ, બટન વગેરે. વસ્તુઓની એક જોડ ગોઠવવી. તે વસ્તુઓ સામે બાળક બીજી જોડ ગોઠવે.

● સરખાં ચિત્રોની જોડી બનાવવી.

## જુલાઈ


**વર્ગીકરણ :** વસ્તુ દ્વારા કચૂકા, ચીકુનાં બીજ, શંખલાં, છીપલાં જેવી વસ્તુ ભેગી કરી જુદી પાડવી.


**પૂરક જોડી બનાવો :** કપ-રકાબી, બ્રશ-પેસ્ટ, પેન્સિલ-નોટ

**જુદું પાડવું :** રાજમા-વાલ

**ક્રમમાં ગોઠવવું :** લાલ, લીલા મણકા આપવા. લાલ મણકો, લીલો મણકો, લાલ, લીલા પ્રમાણે પોરવો. (કોઈ પણ બે કલર આપી શકાય.)

## ઑગસ્ટ

ચિત્રમાં શું ખૂટે છે?  **દા. ત.,** બાબાની આંખ

શું ખોટું છે?  **દા. ત.,** ત્રિપાઈ ઉપર બૂટ

ચોપડીનાં પાન ફેરવવાં.

## સપ્ટેમ્બર

- સ્પર્શેન્દ્રિયનો પરિચય :
  **દા. ત.,** ગરમ, ઠંડું, લીસું, ખરબચડું, હલકું, ભારે, કઠણ, પોચું વગેરેનો સ્પર્શ દ્વારા પરિચય કરાવવો.
- ઘ્રાણેન્દ્રિયનો પરિચય : જુદી જુદી ગંધનો અનુભવ કરાવવો.
  **દા. ત.,** વિક્સ, નીલગિરિ, પેટ્રોલ, પરફ્યુમ
- કર્ણેન્દ્રિય પરિચય. જુદા જુદા અવાજોનો અનુભવ કરાવવો.

## ઑક્ટોબર

- **પુનરાવર્તન**

### નવેમ્બર

- સ્વાદેન્દ્રિય પરિચય. જુદા જુદા સ્વાદોનો અનુભવ કરાવવો.
  **દા. ત.,** ગળ્યું, ખાટું, ખારું, તીખું, કડવું

### ડિસેમ્બર

- સરખામણી, વર્ગીકરણ, પૂરક જોડી બનાવો-ની પ્રવૃત્તિનું પુનરાવર્તન કરવું.

### જાન્યુઆરી

- જુદું પાડવું, ક્રમમાં ગોઠવવું, ચિત્રમાં શું ખૂટે છે?-ની પ્રવૃત્તિનું પુનરાવર્તન કરવું.

### ફેબ્રુઆરી

- જુદા જુદા સ્પર્શ, જુદી જુદી સુગંધનો પરિચય આપી પુનરાવર્તન કરવું.

### માર્ચ

- જુદા જુદા અવાજો, જુદા જુદા સ્વાદનો પરિચય આપી પુનરાવર્તન કરવું.

### એપ્રિલ

- **પુનરાવર્તન**

# ૩. ભાષા (ગુજરાતી)

## જૂન

- ક, ખ, ગ અને ઘની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- રંગ પૂરો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- સરખા મૂળાક્ષરોની જોડી બનાવો.
- ચિત્ર જે મૂળાક્ષરથી શરૂ થતું હોય તે મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ચિત્રના નામ પરથી શરૂ થતા મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- ▭ માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૨થી ૧૧)

## જુલાઈ

- ચ, છ, જ અને ઝની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- રંગ પૂરો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- સરખા મૂળાક્ષરોની જોડી બનાવો.
- ચિત્ર જે મૂળાક્ષરથી શરૂ થતું હોય તે મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ચિત્રના નામ પરથી શરૂ થતા મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- ▭ માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૧૨થી ૨૧)

## ઑગસ્ટ

- ટ, ઠ, ડ, ઢ અને ણની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- રંગ પૂરો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- સરખા મૂળાક્ષરોની જોડી બનાવો.

- ચિત્ર જે મૂળાક્ષરથી શરૂ થતું હોય તે મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ચિત્રના નામ પરથી શરૂ થતા મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- ▭માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૨૨થી ૩૧)

**સપ્ટેમ્બર**

- ત, થ, દ અને ધની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- રંગ પૂરો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- સરખા મૂળાક્ષરોની જોડી બનાવો.
- ચિત્ર જે મૂળાક્ષરથી શરૂ થતું હોય તે મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ચિત્રના નામ પરથી શરૂ થતા મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- ▭માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૩૨થી ૪૧)

**ઑક્ટોબર**

- **પુનરાવર્તન**

**નવેમ્બર**

- ન, પ અને ફની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- રંગ પૂરો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- સરખા મૂળાક્ષરોની જોડી બનાવો.
- ચિત્ર જે મૂળાક્ષરથી શરૂ થતું હોય તે મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ચિત્રના નામ પરથી શરૂ થતા મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- ▭માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૪૨થી ૪૭)

## ડિસેમ્બર

- બ, ભ અને મની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- રંગ પૂરો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- સરખા મૂળાક્ષરોની જોડી બનાવો.
- ચિત્ર જે મૂળાક્ષરથી શરૂ થતું હોય તે મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ચિત્રના નામ પરથી શરૂ થતા મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- ▭માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૪૮થી ૫૫)

## જાન્યુઆરી

- ય, ર, લ અને વની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- રંગ પૂરો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- સરખા મૂળાક્ષરોની જોડી બનાવો.
- ચિત્ર જે મૂળાક્ષરથી શરૂ થતું હોય તે મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ચિત્રના નામ પરથી શરૂ થતા મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- ▭માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૫૬થી ૬૫)

## ફેબ્રુઆરી

- શ, ષ અને સની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- રંગ પૂરો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- સરખા મૂળાક્ષરોની જોડી બનાવો.
- ચિત્ર જે મૂળાક્ષરથી શરૂ થતું હોય તે મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ચિત્રના નામ પરથી શરૂ થતા મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.

- ( )માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૬૬થી ૭૩)

**માર્ચ**

- હ, ળ, ક્ષ અને જ્ઞની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- રંગ પૂરો.
- ગુજરાતી મૂળાક્ષરો(સ્વર)ની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- સરખા મૂળાક્ષરોની જોડી બનાવો.
- ચિત્ર જે મૂળાક્ષરથી શરૂ થતું હોય તે મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ચિત્રનાં નામ પરથી શરૂ થતા મૂળાક્ષરને ચિત્ર સાથે જોડો.
- ( )માં લખેલા મૂળાક્ષર જેવો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૭૪થી ૮૦)

**એપ્રિલ**

- **પુનરાવર્તન**

# ૪. ગણિત

**જૂન**

- ૧થી ૫ સળંગ બોલવા.
- જુઓ અને ટપકાં જોડો.
- ૧ અને ૨ની ઓળખ, વાંચન, લેખન અને ગણતરી.
- રંગ પૂરો.
- અંક શોધો અને જોડો.
- ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- અંક મુજબની વસ્તુઓ ફરતે ◯ કરો.
- અંક મુજબના જૂથ નીચે ☑ કરો.
- અંક મુજબ ○ દોરો.

(નવનીત અંકલેખન – ૧થી ૨૦ : પાન નં. ૨થી ૭)

**જુલાઈ**

- ૧થી ૫ સળંગ બોલવા.
- ૩થી ૫ની ઓળખ, વાંચન, લેખન અને ગણતરી.
- રંગ પૂરો.
- અંક શોધો અને જોડો.
- ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- અંક મુજબની વસ્તુઓ ફરતે ◯ કરો.
- અંક મુજબના જૂથ નીચે ☑ કરો.
- અંક મુજબ ○ દોરો.

(નવનીત અંકલેખન – ૧થી ૨૦ : પાન નં. ૮થી ૧૫)

## ઑગસ્ટ

- ૧થી ૧૦ સળંગ બોલવા.
- ૬થી ૮ની ઓળખ, વાંચન, લેખન અને ગણતરી.
- રંગ પૂરો.
- અંક શોધો અને જોડો.
- ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- અંક મુજબની વસ્તુઓ ફરતે ◯ કરો.
- અંક મુજબના જૂથ નીચે √ કરો.
- અંક મુજબ ○ દોરો.

(નવનીત અંકલેખન – ૧થી ૨૦ : પાન નં. ૧૬થી ૨૧)

## સપ્ટેમ્બર

- ૧થી ૧૦ સળંગ બોલવા.
- ૯, ૦ અને ૧૦ની ઓળખ, વાંચન, લેખન અને ગણતરી.
- રંગ પૂરો.
- અંક શોધો અને જોડો.
- ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- અંક મુજબની વસ્તુઓ ફરતે ◯ કરો.
- અંક મુજબના જૂથ નીચે √ કરો.
- અંક મુજબ ○ દોરો.

(નવનીત અંકલેખન – ૧થી ૨૦ : પાન નં. ૨૨થી ૨૯)

## ઑક્ટોબર

- **પુનરાવર્તન**

## નવેમ્બર

- ૧થી ૧૫ સળંગ બોલવા.
- ૧થી ૧૦નું પુનરાવર્તન.
- ૧૧ની ઓળખ, વાંચન, લેખન અને ગણતરી.
- રંગ પૂરો.
- અંક શોધો અને જોડો.
- ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- અંક મુજબની વસ્તુઓ ફરતે ◯ કરો.
- અંક મુજબના જૂથ નીચે ☑ કરો.
- અંક મુજબ ○ દોરો.

(નવનીત અંકલેખન – ૧થી ૨૦ : પાન નં. ૩૦ – ૩૧)

## ડિસેમ્બર

- ૧થી ૧૫ સળંગ બોલવા.
- ૧૨થી ૧૪ની ઓળખ, વાંચન, લેખન અને ગણતરી.
- રંગ પૂરો.
- અંક શોધો અને જોડો.
- ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- અંક મુજબની વસ્તુઓ ફરતે ◯ કરો.
- અંક મુજબના જૂથ નીચે ☑ કરો.
- અંક મુજબ ○ દોરો.

(નવનીત અંકલેખન – ૧થી ૨૦ : પાન નં. ૩૨થી ૩૭)

## જાન્યુઆરી

- ૧થી ૨૦ સળંગ બોલવા.
- ૧૫ અને ૧૬ની ઓળખ, વાંચન, લેખન અને ગણતરી.
- રંગ પૂરો.
- અંક શોધો અને જોડો.
- ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- અંક મુજબની વસ્તુઓ ફરતે ◯ કરો.
- અંક મુજબના જૂથ નીચે ☑ કરો.
- અંક મુજબ ○ દોરો.

(નવનીત અંકલેખન – ૧થી ૨૦ : પાન નં. ૩૮થી ૪૫)

## ફેબ્રુઆરી

- ૧થી ૨૦ સળંગ બોલવા.
- ૧૭ અને ૧૮ની ઓળખ, વાંચન, લેખન અને ગણતરી.
- રંગ પૂરો.
- અંક શોધો અને જોડો.
- ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- અંક મુજબની વસ્તુઓ ફરતે ◯ કરો.
- અંક મુજબના જૂથ નીચે ☑ કરો.
- અંક મુજબ ○ દોરો.

(નવનીત અંકલેખન – ૧થી ૨૦ : પાન નં. ૪૬થી ૪૯)

**માર્ચ**

- ૧થી ૨૦ સળંગ બોલવા.
- ૧૯ અને ૨૦ની ઓળખ, વાંચન, લેખન અને ગણતરી.
- રંગ પૂરો.
- ૧થી ૨૦નું પુનરાવર્તન.
- અંક શોધો અને જોડો.
- ગણો અને સાચા અંક સાથે જોડો.
- ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- અંક મુજબની વસ્તુઓ ફરતે ◯ કરો.
- અંક મુજબના જૂથ નીચે √ કરો.
- અંક મુજબ ○ દોરો.
- ખૂટતા, ક્રમિક અંકો લખો.
- વધુ સંખ્યાવાળા જૂથ ફરતે ◯ કરો.

(નવનીત અંકલેખન – ૧થી ૨૦ : પાન નં. ૫૦થી ૬૪)

**એપ્રિલ**

- **પુનરાવર્તન**

# ૫. સામાન્ય જ્ઞાન

**જૂન**

### ૧. મારું શરીર

- આપણાં શરીરનાં અંગો વિશે વાતચીત કરવી.
- અંગોને શરીર સાથે જોડો.
- ક્રિયાઓને લાગુ પડતાં અંગો સાથે જોડો.
- ક્રિયાઓ કરવા જે અંગોનો ઉપયોગ થતો હોય તેની ફરતે ◯ કરો.

### ૨. મારો પોશાક

- આપણા પોશાક વિશે વાતચીત કરવી.
- શરીરના દરેક અંગ માટે તેનો યોગ્ય પોશાક જોડો.

### ૩. અમારું કુટુંબ

- કુટુંબના સભ્યો વિશે વાતચીત કરવી.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૩થી ૮)

**જુલાઈ**

### ૪. સ્વચ્છતા અને આરોગ્ય

- સ્વચ્છતા અને આરોગ્ય વિશે વાતચીત કરવી.

### ૫. મારું ઘર

- ઘરના રૂમ, રસોડા વગેરે વિશે વાતચીત કરવી.
- દરેક રૂમને તેમાં જોવા મળતી વસ્તુઓ સાથે જોડો.
- રસોડામાં જોવા મળતી વસ્તુઓ નીચે ☑ કરો.

### ૬. બગીચામાં

- બગીચા વિશે વાતચીત કરવી.

### ૭. ઘર-આંગણાનાં પ્રાણીઓ અને તેમનાં બચ્ચાં

- ઘર-આંગણાનાં પ્રાણીઓની ઉપયોગિતા, તેમનાં બચ્ચાં વિશે વાતચીત કરવી.

● દરેક પ્રાણીને તેના બચ્ચા સાથે જોડો.

● પૂંછડીને તેના યોગ્ય પ્રાણી સાથે જોડો.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૯થી ૧૯)

**ઑગસ્ટ**

**૮. જંગલમાં રહેતાં પ્રાણીઓ**

● જંગલમાં રહેતાં પ્રાણીઓ વિશે વાતચીત કરવી.

**૯. જન્મદિનની ઉજવણી (બર્થ ડે પાર્ટી)**

● જન્મદિનની ઉજવણી વિશે વાતચીત કરવી.

**૧૦. પક્ષીઓ**

● પક્ષીઓ વિશે વાતચીત કરવી.

● સરખાં પક્ષીઓને જોડો.

**૧૧. જીવજંતુઓ**

● જીવજંતુઓ વિશે વાતચીત કરવી.

● રસોડામાં જોવા મળતા, મધ બનાવતા તથા સુંદર દેખાતા જીવજંતુ ફરતે ◯ કરો.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૨૦થી ૨૭)

**સપ્ટેમ્બર**

**૧૨. ઘર-આંગણાનાં પ્રાણીઓનાં રહેઠાણ**

● ઘર-આંગણાનાં પ્રાણીઓનાં રહેઠાણ વિશે વાતચીત કરવી.

● દરેક પ્રાણીને તેના સાચા રહેઠાણ સાથે જોડો.

**૧૩. જંગલી પ્રાણીઓનાં રહેઠાણ**

● જંગલી પ્રાણીઓનાં રહેઠાણ વિશે વાતચીત કરવી.

● દરેક પ્રાણીને તેના સાચા રહેઠાણ સાથે જોડો.

**૧૪. દિવાળી – પ્રકાશનો તહેવાર**

● 'દિવાળી' તહેવાર વિશે વાતચીત કરવી.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૨૮થી ૩૩)

## ઑક્ટોબર

- **પુનરાવર્તન**

## નવેમ્બર

**૧૫. ફળ**

- ફળો વિશે વાતચીત કરવી.
- ફળના ભાગને સાચા આખા ફળ સાથે જોડો.

**૧૬. શાકભાજી**

- શાકભાજી વિશે વાતચીત કરવી.
- લીલા રંગના શાકભાજી નીચે  કરો.

  (નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૩૪થી ૩૭)

## ડિસેમ્બર

**૧૭. વાહનો**

- વાહનો વિશે વાતચીત કરવી.
- વાહનોની વિશેષતાઓ – જમીન પર, પાણીમાં, હવામાં જોવા મળતાં વાહનો – પશુઓથી ચાલતાં, પાટા પર ચાલતાં, પૈડાં, પાંખો વગેરે વિશે વાતચીત કરવી.
- આપેલ દરેક વાહનના ભાગ (તૂટક રેખાઓ) પૂરા કરો અને તેમાં રંગ પૂરો.
- જુદું (અલગ) પડતું હોય તેને (વાહનને) છેકી નાખો.

**૧૮. ફૂલ**

- ફૂલો વિશે વાતચીત કરવી.
- જે-તે ફૂલ જેવો રંગ તેની સામેના કૂંડામાં પૂરો.

**૧૯. પ્રાણીસંગ્રહાલયની મુલાકાતે**

- પ્રાણીસંગ્રહાલય વિશે વાતચીત કરવી.

**૨૦. શાળા**

- શાળા અને તેની વસ્તુઓ વિશે વાતચીત કરવી.
- શાળામાં જોવા મળતી વસ્તુઓ ફરતે ◯ કરો.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૩૮થી ૪૭)

## જાન્યુઆરી

**૨૧. રમતો**

- ઘરમાં રમાતી રમતો અને મેદાનમાં રમાતી રમતો વિશે વાતચીત કરવી.
- મેદાનમાં રમાતી રમતો માટે ◯ તથા ઘરમાં રમાતી રમતો માટે △ કરો.
- રમતો સાથે જોડાયેલી વસ્તુઓને યોગ્ય રીતે જોડો.

**૨૨. રંગો**

- રંગો વિશે વાતચીત કરવી.

**૨૩. આકારો**

- આકારો વિશે વાતચીત કરવી.
- એકસરખા રંગના આકારો સાથે એકસરખા રંગના આકારો જોડો.

**૨૪. રેલવેસ્ટેશન પર**

- રેલવેસ્ટેશન વિશે વાતચીત કરવી.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૪૮થી ૫૫)

## ફેબ્રુઆરી

**૨૫. આપણો ખોરાક**

- આપણા ખોરાક વિશે વાતચીત કરવી.

**૨૬. રમકડાં**

- રમકડાં વિશે વાતચીત કરવી.

**૨૭. આપણા સહાયકો (વ્યવસાયકારો)**

- આપણા સહાયકો (વ્યવસાયકારો) વિશે વાતચીત કરવી.
- દરેક સહાયક(વ્યવસાયકાર)ને તેમનાં ઉપયોગી સાધનો સાથે જોડો.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૫૬થી ૫૯)

**માર્ચ**

**૨૮. મૉલ(સુપરમાર્કેટ)ની મુલાકાતે**

- મૉલ (સુપરમાર્કેટ) વિશે વાતચીત કરવી.

**૨૯. ઋતુઓ**

- ઋતુઓ (શિયાળો, ઉનાળો અને ચોમાસું) વિશે વાતચીત કરવી.
- શિયાળાની, ઉનાળાની અને ચોમાસાની ઋતુ દરમિયાન જોવા મળતી, ઉપયોગી કે આનંદ આપતી વસ્તુઓ પાસે √ કરો.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૬૦થી ૬૪)

**એપ્રિલ**

- **પુનરાવર્તન**

# ૬. અંગ્રેજી

## જૂન

- Aથી L બોલો.
- કૅપિટલ લૅટર્ઝ (કૅપિટલ મૂળાક્ષરો) તથા સ્મૉલ લૅટર્ઝ(નાના મૂળાક્ષરો)નો પરિચય
- Aથી Cની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રોમાં રંગ પૂરો.
- સરખા મૂળાક્ષરો જોડો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- ચિત્રોને જે મૂળાક્ષરોથી શરૂ થતાં હોય તેની સાથે જોડો.
- દરેક હરોળમાં આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્ર ફરતે ◯ કરો.

(Navneet Alphabet (Infant ABC) : પાન નં. 2થી 9)

## જુલાઈ

- Aથી L બોલો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રોમાં રંગ પૂરો.
- Dથી Fની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- સરખા મૂળાક્ષરો જોડો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- ચિત્રોને જે મૂળાક્ષરોથી શરૂ થતાં હોય તેની સાથે જોડો.
- દરેક હરોળમાં આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્ર ફરતે ◯ કરો.

(Navneet Alphabet (Infant ABC) : પાન નં. 10થી 17)

## ઑગસ્ટ

- Aથી L બોલો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો નીચે ◯માં રંગ પૂરો.
- Gથી Jની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- સરખા મૂળાક્ષરો જોડો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- ચિત્રોને જે મૂળાક્ષરોથી શરૂ થતાં હોય તેની સાથે જોડો.
- દરેક હરોળમાં આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્ર ફરતે ◯ કરો.

(Navneet Alphabet (Infant ABC) : પાન નં. 18થી 23)

## સપ્ટેમ્બર

- Aથી L બોલો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો નીચે ◯માં રંગ પૂરો.
- K અને Lની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- સરખા મૂળાક્ષરો જોડો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- ચિત્રોને જે મૂળાક્ષરોથી શરૂ થતાં હોય તેની સાથે જોડો.
- દરેક હરોળમાં આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્ર ફરતે ◯ કરો.

(Navneet Alphabet (Infant ABC) : પાન નં. 24થી 29)

## ઑક્ટોબર

- **પુનરાવર્તન**

## નવેમ્બર

- Aથી Z બોલો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો નીચે ☑ કરો.
- Mથી Oની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- સરખા મૂળાક્ષરો જોડો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- ચિત્રોને જે મૂળાક્ષરોથી શરૂ થતાં હોય તેની સાથે જોડો.
- દરેક હરોળમાં આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્ર ફરતે ◯ કરો.

(Navneet Alphabet (Infant ABC) : પાન નં. 30થી 35)

## ડિસેમ્બર

- Aથી Z બોલો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો નીચે ☑ કરો.
- Pથી Rની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- સરખા મૂળાક્ષરો જોડો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- ચિત્રોને જે મૂળાક્ષરોથી શરૂ થતાં હોય તેની સાથે જોડો.
- દરેક હરોળમાં આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્ર ફરતે ◯ કરો.

(Navneet Alphabet (Infant ABC) : પાન નં. 36થી 43)

## જાન્યુઆરી

- Aથી Z બોલો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રોમાં રંગ પૂરો.
- Sથી Uની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- સરખા મૂળાક્ષરો જોડો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.

- ચિત્રોને જે મૂળાક્ષરોથી શરૂ થતાં હોય તેની સાથે જોડો.
- દરેક હરોળમાં આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્ર ફરતે ◯ કરો.

(Navneet Alphabet (Infant ABC) : પાન નં. 44થી 49)

**ફેબ્રુઆરી**

- Aથી Z બોલો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો નીચે [√] કરો.
- Vથી Xની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- સરખા મૂળાક્ષરો જોડો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- ચિત્રોને જે મૂળાક્ષરોથી શરૂ થતાં હોય તેની સાથે જોડો.
- દરેક હરોળમાં આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્ર ફરતે ◯ કરો.

(Navneet Alphabet (Infant ABC) : પાન નં. 50થી 53)

**માર્ચ**

- Aથી Z બોલો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો નીચે [√] કરો.
- Aથી Zનું પુનરાવર્તન.
- Y અને Zની ચિત્ર દ્વારા ઓળખ અને વાંચન.
- સરખા મૂળાક્ષરો જોડો.
- મૂળાક્ષરને તેના જેવા મૂળાક્ષર સાથે જોડો.
- આપેલ મૂળાક્ષર શોધો અને ◯ કરો.
- ચિત્રોને જે મૂળાક્ષરોથી શરૂ થતાં હોય તેની સાથે જોડો.
- દરેક હરોળમાં આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્ર ફરતે ◯ કરો.

(Navneet Alphabet (Infant ABC) : પાન નં. 54થી 56)

**એપ્રિલ**

- **પુનરાવર્તન**

# ૭. ચિત્રકલા

**જૂન**

- આકારોની રચના અને ઓળખ
- રંગોની ઓળખ
- તૂટક રેખાઓ જોડો અને આકારોમાં રંગ પૂરો.

(નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૨થી ૪)

**જુલાઈ**

- તૂટક રેખાઓને પૂર્ણ કરી રેખાઓ દોરો.
- ઊભી, આડી, ત્રાંસી, વાંકીચૂકી, અર્ધગોળ અને આકારોની રેખાઓ પૂર્ણ કરવાનો મહાવરો કરો.

(નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૫થી ૮)

**ઑગસ્ટ**

- વમળયુક્ત તૂટક રેખાઓ પૂર્ણ કરો.
- ટપકાં ફરતે વર્તુળ દોરો.
- તૂટક રેખાઓને પૂર્ણ કરી વર્તુળ દોરો.
- આપેલા આકારોમાં રંગ પૂરો.

(નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૯થી ૧૩)

**સપ્ટેમ્બર**

- આપેલા ચિત્રમાં રંગ પૂરો.

(નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૧૪થી ૧૬)

**ઑક્ટોબર**

- **પુનરાવર્તન**

## નવેમ્બર

- આપેલા ચિત્રમાં રંગ પૂરો.
  (નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૧૭ – ૧૮)

## ડિસેમ્બર

- આપેલા ચિત્રમાં રંગ પૂરો.
  (નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૧૯થી ૨૨)

## જાન્યુઆરી

- આપેલા ચિત્રમાં રંગ પૂરો.
  (નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૨૩થી ૨૫)

## ફેબ્રુઆરી

- આપેલા ચિત્રમાં રંગ પૂરો.
  (નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૨૬થી ૨૯)

## માર્ચ

- આપેલા ચિત્રમાં રંગ પૂરો.
  (નવનીત કેતન ચિત્રકલા : પાન નં. ૩૦થી ૩૨)

## એપ્રિલ

- **પુનરાવર્તન**

# ૮. જોડકણાં અને બાળગીતો

### જૂન

- વિભાગ ૧ : જોડ જોડ જોડકણાં – કક્કાવાર
  (૧. કમળથી ૧૪. તલવાર સુધી)
- વિભાગ ૫ : બાળવાર્તા ૧. દ્રાક્ષ ખાટી છે
  (નવનીત જોડકણાં અને બાળગીતો : પાન નં. ૩ – ૪, ૩૧)

### જુલાઈ

- વિભાગ ૧ : જોડ જોડ જોડકણાં – કક્કાવાર
  (૧૫. થડથી ૪૬. અંજીર સુધી)
- વિભાગ ૫ : બાળવાર્તા ૨. સસલો અને કાચબો
  (નવનીત જોડકણાં અને બાળગીતો : પાન નં. ૫થી ૮, ૩૨)

### ઑગસ્ટ

- વિભાગ ૨ : શબ્દોનાં જોડકણાં
  (૧. ચકલીથી ૩૪. ટાંગો સુધી)
- વિભાગ ૫ : બાળવાર્તા ૩. ગરુડ અને કાગડો
  (નવનીત જોડકણાં અને બાળગીતો : પાન નં. ૯થી ૧૩, ૩૩)

### સપ્ટેમ્બર

- વિભાગ ૨ : શબ્દોનાં જોડકણાં
  (૩૫. હોડીથી ૬૬. આકડો સુધી)
- વિભાગ ૩ : અંક-જોડકણાં
- વિભાગ ૫ : બાળવાર્તા ૪. મધમાખી અને કબૂતર
  (નવનીત જોડકણાં અને બાળગીતો : પાન નં. ૧૪થી ૧૮, ૩૪)

## ઑક્ટોબર

- **પુનરાવર્તન**

## નવેમ્બર

- વિભાગ ૪ : રમત-જોડકણાં
  (૧. કાચનો કૂપોથી ૪. કઢી પીવા સુધી)
- વિભાગ ૫ : બાળવાર્તા ૫. ઘમંડી મોર અને બુદ્ધિશાળી બગલો
  (નવનીત જોડકણાં અને બાળગીતો : પાન નં. ૧૯ – ૨૦, ૩૫)

## ડિસેમ્બર

- વિભાગ ૪ : રમત-જોડકણાં
  (૫. ડોસી ડોસીથી ૯. ગરબડિયો કોરાવો સુધી)
- વિભાગ ૫ : બાળવાર્તા ૬. શાનના કાજુ
  (નવનીત જોડકણાં અને બાળગીતો : પાન નં. ૨૧થી ૨૩, ૩૬)

## જાન્યુઆરી

- વિભાગ ૪ : રમત-જોડકણાં
  (૧૦. ઘોઘા... ઘોઘાથી ૧૨. અહલી – પહલી સુધી)
- વિભાગ ૫ : બાળવાર્તા ૭. બેડોળ ઝાડ
  (નવનીત જોડકણાં અને બાળગીતો : પાન નં. ૨૪ – ૨૫, ૩૭)

## ફેબ્રુઆરી

- વિભાગ ૪ : રમત – જોડકણાં
  (૧૩. અચકો-મચકો કારેલીથી ૧૯. ગલાલિયો સુધી)
- વિભાગ ૫ : બાળવાર્તા ૮. સિંહ અને ઉંદર
  (નવનીત જોડકણાં અને બાળગીતો : પાન નં. ૨૬થી ૨૮, ૩૮ – ૩૯)

## માર્ચ

- વિભાગ ૪ : રમત-જોડકણાં
  (૨૦. હકા પોપટડીથી ૨૫. ઈત્તે ઈત્તે પાણી સુધી)
- વિભાગ ૫ : બાળવાર્તા ૯. બે દેડકા
  (નવનીત જોડકણાં અને બાળગીતો : પાન નં. ૨૯ – ૩૦, ૪૦)

## એપ્રિલ

- **પુનરાવર્તન**

# વિકાસ મૂલ્યાંકન યોજના : A (બાળમંદિર)

## દ્વિતીય સત્ર માટે

| વિષયો ➡ ધોરણ ➡ | ભાષા (ગુજરાતી) | ગણિત | સામાન્ય જ્ઞાન | અંગ્રેજી | ચિત્રકલા |
|---|---|---|---|---|---|
| ઔપચારિક લેખિત મૂલ્યાંકન | 40 | 40 | 40 | 40 | 40 |
| અનૌપચારિક મૂલ્યાંકન | – | – | – | – | – |
| આંતરિક / પ્રૅક્ટિકલ | 10 | 10 | 10 | 10 | 10 |
| કુલ ગુણ | **50** | **50** | **50** | **50** | **50** |

### અભ્યાસક્રમ

➡ **A(બાળમંદિર)માં માત્ર દ્વિતીય સત્રમાં લેખિત મૂલ્યાંકન કરવાનું હોવાથી તેમાં સંપૂર્ણ અભ્યાસક્રમ રહેશે.**

**Published by** Navneet Education Limited, Dantali, Gujarat.
**Printed by** Navneet Education Limited, Dantali, Gujarat. **CC**